અલવિદા ઈન્ટરનેટ એક્સપ્લોરર : આજથી ૨૭ વર્ષ જૂનું માઈક્રોસોફ્ટ ઈન્ટરનેટ એક્સપ્લોરર બંધ

વેબ બ્રાઉઝર આજના બ્રાઉઝરની સામે ટકી શકવા સક્ષમ નથી પાંચ ટકા નાગરિકો જ તેનો ઉપયોગ કરે છે

ગાંધીનગર, તા. ૧૫

માઈક્રોસોફ્ટ ઈન્ટરનેટ એક્સપ્લોરરનો ઉપયોગ ઘટી

જવાથી આ સેવા બંધ કરવામાં આવી રહી છે.

ઈન્ટરનેટ એક્સપ્લોરર બંધ થવાનું કારણ એ જણાવવામાં આવી રહ્યું છે કે આ વેબ બ્રાઉઝર આજના બ્રાઉઝરની સામે ટકી શકવા સક્ષમ નથી. હવે માત્ર પાંચ ટકા નાગરિકો જ તેનો ઉપયોગ કરી રહ્યા છે. તમને જાણીને નવાઈ લાગશે કે ૨૦૦૩ સુધી માઈક્રોસોફ્ટનું આ વેબ બ્રાઉઝર ટોપ પર હતું. જ્યારે તે લોન્ચ કરવામાં આવ્યું ત્યારે થોડા લોકો પાસે ઈન્ટરનેટ સેવા ઉપલબ્ધ હતી.

નાગરિકોને ઈન્ટરનેટ પર કામ કરવુ સરળ બની ગયું અને પછી તેની લોકપ્રિયતા વધતી ગઈ. તે સમયે તેણે પોલીસને રેકોર્ડ મેળવવામાં, વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી પ્રદાન કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી. પછી ઘણા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ માર્કેટમાં આવ્યા. હવે નાગરિકો આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરવા માટે ઈન્ટરનેટ એક્સપ્લોરરને એક્સેસ કરવાનું શરૂ કર્યું. સરકારી એજન્સીઓ અને નાણાંકીય સંસ્થાઓ હજુ પણ માઈક્રોસોફ્ટ ઈન્ટરનેટ એક્સપ્લોરરનો ઉપયોગ કરી રહી હોવાનું કહેવાય છે. ઓગષ્ટ ૧૬, ૧૯૯૫ આ તે દિવસ હતો જયારે માઈક્રોસોફ્ટ ઈન્ટરનેટ એક્સપ્લોરર બહાર પાડ્યું હતું. તે સમયે આ પ્રકારનું પહેલું વેબ બ્રાઉઝર હતુ જેને નાગરિકોએ પોતાના હાથમાં લીધુ હતુ. જ્યારે લોકો સાયબર કાફેમાં જતા હતા ત્યારે તેઓ આ વેબ બ્રાઉઝર પર કામ કરતા હતા.

ઈન્ટરનેટ એક્સપ્લોરર બંધ થવાનો અર્થ એ નથી કે હવે માર્કેટમાં કોઈ માઈક્રોસોફ્ટ બ્રાઉઝર નહી હોય તેને કોમિયમ આધારિત માઈક્રોસોફ્ટ **Edge** બ્રાઉઝર દ્વારા બદલવામાં આવી રહ્યું છે જે તમામ **windows** અને **macos**ને સપોર્ટ કરે છે. તમે તેને ડાઉનલોડ કરીને લેગસી વર્ઝનને બદલી શકો છો. માઈક્રોસોફ્ટે તેની સ્પીડ અને પરફોર્મન્સને લઈને મોટા દાવા કર્યા છે કહેવાય છે કે તેમાં ઈનબિલ્ટ પ્રાઈવસી અને સિક્યોરિટી મળશે.

ગુજરાતમાં પ્રથમ વખત ગાંધીનગરમાં કચરાના આધુનિક પ્રોસેસિંગ મશીન લગાવવાની વિચારણા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની ગત સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં **GUDA**ના ગામડાઓના કચરાને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્રોસેસ કરવામાં આવશે તે મુદ્દાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા નવી અત્યાધુનિક ટેકનોલોજીવાળા પ્રોસેસિંગ મશિન લગાવવા અંગે વિચારણા કરી રહી છે. જેની માહિતી ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે.કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલે આપી હતી. આ ટેક્નોલોજી ભારતમાં હાલ માત્ર બે જ શહેરમાં છે. ગાંધીનગરને ગત વર્ષે દેશના શ્રેષ્ઠ સ્વચ્છ પાટનગરનો દરજ્જો મળેલ છે. ગાંધીનગર મહાનગરપાલિકાનો જૂનો હદ વિસ્તાર આશરે ૫૫ ચો. કિ.મી. હતો હવે નવા ૧૮ ગામો અને પેથાપુર નગરપાલિકા ભળતા નવો હદ વિસ્તાર ૧૯૬ ચો. કિ.મી. થયો છે. જેમાં ખાસ ગ્રામ્ય વિસ્તારમાં સફાઇ અંગેની વ્યવસ્થાઓ અને જાગૃત્તિ ઓછી હોવાથી આ સંજોગોમાં ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં સફાઇ કરીને કચરો એકઠો કરી, પ્રોસેસ કરી, નિકાલ કરવાની વ્યવસ્થા સુદૃઢ કરવા માટે આધુનિક અધ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. આ ટેકનોલોજીના ઉપયોગથી ઓછા ખર્ચ અને ઓછી જગ્યામાં ઓછી એનર્જીનો ઉપયોગ કરીને વધુ કચરાને પ્રોસેસ કરીને નિકાલ કરવા માટેની વ્યવસ્થા હાલ વિચારણા હેઠળ છે. આ મશિન પ્લાઝમા હીટ ડી-કમ્પોઝિશન ટેક્નોલોજીના માધ્યમથી કાર્ય કરે છે. જેમાં અંદાજે ૧૦૦ ટન જેટલા ભીના કે સૂકા કચરાને એક ટન સિરામિક રાખમાં તબદીલ કરી શકાય છે. આ ટેકનોલોજીમાં લોખંડ, કાચ અને સિરામિક સિવાયના તમામ કચરાને બાળીને સિરામિક રાખમાં પરિવર્તિત કરી શકાય છે. જેના માટે અલગ અલગ કેપેસિટીના મશીનો ઉપલબ્ધ છે. આ ટેક્નોલોજીમાં માત્ર સ્ક્રબર અને એક્ઝહોસ્ટ સિસ્ટમ માટે જ વીજળીની જરૂર પડે છે પરંતુ કચરાને પ્રોસેસ કરવા માટે વીજળી કે અન્ય કોઈ ફ્યૂઅલની જરૂર રહેતી નથી. બધો જ કચરો મુખ્ય ચેમ્બરમાં જમા કરવામાં આવે છે અને આ ચેમ્બરમાં બહારની હવા દાખલ કરવામાં આવે છે. જે પ્લાઝમા ટેક્નોલોજીના માધ્યમથી હવામાંના ઓક્સિઝનનો જ ફ્યૂલ તરીકે ઉપયોગ કરે છે અને કચરાને સિરામિક રાખમાં પરિવર્તિત કરે છે. જે રાખનો ઉપયોગ ઈંટો બનાવવામાં, પૂરાણમાં તથા ગાર્ડન ડેવલપ કરવામાં થઈ શકે છે. આ મશીનમાં ૩૫૦ ડિગ્રી સેલ્યસિયસથી ૧૧૦૦ ડિગ્રી સેલ્યિસય તાપમાને કચરો પ્રોસેસ કરવામાં આવે છે. આ તાપમાન માટે પણ વીજળીની જરૂર રહેતી નથી. આ સિસ્ટમ ખુબ જ કોમ્પેક્ટ અને લો મેઇન્ટનંસવાળી છે.ગાંધીનગર મહાનગરપાલિકા ભવિષ્યને ધ્યાનમાં લઈને વોર્ડ વાઈઝ યોગ્ય કેપેસિટીના મશીન લગાવવાનું વિચારી રહી છે. આ વ્યવસ્થામાં ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ બચી શકશે. આ ટેક્નોલોજીની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં પ્રોસેસ દરમિયાન નિકળતા ધૂમાડા (એમિસન)માં એકદમ નહિવત માત્રામાં પ્રદૂષણ હશે તથા આ પ્રકારની સિસ્ટમના ઉપયોગથી મોટી લેન્ડફિલ્ડ સાઇટની પણ જરૂરીયાત નહી રહે અને કચરાના પહાડો જેવા ઢગલાના કારણે પૃથ્વિ પર થતું પ્રદૂષણ અટકાવી શકાશે. આ ટેક્નોલોજીમાં ભીના કે સૂકા કચરાનું સેગ્રિગેશન કરવાની પણ જરૂરીયાત રહેતી નથી.

ગાંધીનગર માં વોર્ડ નંબર ૨ ના સક્રિય કોર્પોરેટર દ્વારા સામાન્ય જનતા ના જડપ થી ઉકેલ લાવવાની નેમ સાથે કાર્યરત છે.આવો જ એક પડતર પ્રશ્ન ગાંધીનગર મહુડી પેથાપુર રોડ પર ગિરનારી ચોક પાસે શુભ બિઝનેસ પાર્ક આગળ બમ્પ બનાવવાને લઈને હતો.જેમાં અંગત રસ લઈને કોર્પોરેટર અનિલ સિંહ દ્વારા હાથ ઉપર લઈ સાથી કોર્પોરેટરો અને ભાજપ સંગઠનની સાથે લઈ ગઈ કાલે એને પૂર્ણ ઓપ આપી સાથે સાથે પેચ વર્ક પણ કરાવી નાગરિકો ની સુવિધા માં વધારો કર્યો છે.સમગ્ર સિદ્ધિવિનાયક બંગલોસ, મંગલ મારુતિ અને સિદ્ધરાજ ગ્રીન્સ,ઊર્જા નગર અને અન્ય સોસાયટી ના રહીશો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો

૨૩ તારીખથી ૩૦ જૂન દરમિયાન યુવા મોરચા દ્વારા ૫૦૦ થી વધુ મંડળોમાં રક્તદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

દેશના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે દસ લાખ યુવાનોને સરકારી નોકરી આપવાની જાહેરાત કરી તેમજ અગ્નિપથ યોજના અંતર્ગત દેશના યુવાનો માટે અગ્નિપથ યોજના જાહેર કરી જેથી દેશના યુવાનો દેશ માટે સેવા કરી શકે તે બદલ દેશના યુવાનો વતી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબને ખૂબ અભિનંદન પાઠવ્યા. આ પ્રેસ કોન્ફરન્સમાં યુવા મોરચાના પ્રમુખ ડૉ. પ્રશાંત કોરાટે જણાવ્યું કે દેશના વડાપ્રધાને દેશના યુવાનોને અગ્નિપથ યોજના અંતર્ગત સાડ સતર વર્ષની વયના યુવાનો આ યોજના અંતર્ગત દેશના સુરક્ષાદળોમાં સેવા આપી શકશે. યુવાનો આવનાર સમયમાં દેશ માટે કામ કરી શકશે. દેશના યુવાનો કૌશલ્ય વર્ધન બને, સ્કીલડ યુવાનો બને અને વધુમાં વધુ યુવાનો રાષ્ટ્ર માટે કામ કરે તે માટે આ યોજના લાવ્યા છે. દેશના યુવાનો આ યોજના અંતર્ગત ચાર વર્ષની વિશેષ તાલીમ મેળવશે અને નોકરી મળી શકશે. આ યોજના થકી દેશમાં નવી રોજગારીની તકો ઉભી થશે ત્યારે ઐતિહાસિક નિર્ણય બદલ યુવા મોરચા વતી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન.

રાંધેજાના યુવાનનું બાઈક સે.૫બીમાં તેના મામાના ઘર સામેથી ચોરાયું

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગરમાં બાઈક ચોરીની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. ગાંધીનગર સે.૨૬ જીઆઈડીસીમાં સુપરવાઈઝર તરીકે કામ કરતાં રાંધેજાના યુવાનનું સે.૫બીમાં તેના મામાના ઘર આગળ પડેલું બાઈક ચોરાઈ જવા પામ્યું છે જે અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બનાવની વિગત અનુસાર રાંધેજાનો અંકિત કમલેશભાઈ આનંદ નામનો યુવાન રાંધેજામાં રોહિત વાસમાં રામજી મંદિર સામે રહે છે અને ગાંધીનગરમાં સેક્ટર ૨૬ જીઆઈડીસી ખાતે કેટરપિલર સાઈન કંપનીમાં સુપરવાઈઝરની પોસ્ટ પર નોકરી કરે છે અને તેના તેના પિતા કમલેશભાઈ પરમારના નામે હીરો કંપનીનું ૨૦૧૭ના મોડેલનું સ્પેલન્ડર પ્લસ બાઈક નં.જીજે.૦૨-સીએમ-૩૧૨૩ બાઈક આશરે કિંમત રૂ. ૨૦હજારની છે જેનો ઉપયોગ અંકિત કરે છે. ગત તા.૧૧મી જુનના રોજ અંકિત પોતાના મામા યોગેશકુમાર નટવરલાલા આનંદ રહે પ્લોટ નંબર ૭૪૭/૨, સેક્ટર -૫બી ખાતે આવીને રાત્રિ રોકાયો હતો જ્યારે તેણે પોતાનું બાઈક મામાના ઘર સામેની ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યુ હતું જે સવારે ઊઠીને જોતાં બાઈક તે સ્થળે જોવા મળ્યું નહોતું. સતત બે દિવસ સુધી બાઈકની આમ તો આસપાસમાં અલગ અલગ જગ્યાએ શોધખોળ કરી છતાં મળી ન આવતા આજે તેમણે સે.૭ પોલીસ મથકે બાઈક ચોરીની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વોર્ડ નં. ૪ માં સમાવેશ પામેલ ઈન્દ્રોડા ગામના રાવળવાસમાં છેલ્લા વીસ વર્ષથી પાણીની સમસ્યા હતી. અનેક રજૂઆતો બાદ આખરે રાવળવાસમાં પાણીની પાઈપલાઈન નાંખવાની કામગીરી શરૂ કરાઈ છે. દક્ષાબેન વિક્રમજી ઠાકોરના હસ્તે પાણીની નવી પાઈપલાઈન નાંખવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.